ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર , ભાવનગર

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

Phone : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

અખબારી યાદી

તાં: ૭/૧૧/૨૦૧૫

પ્રતિ,
તંત્રીશ્રી,
ભાવનગર.

જીલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમા કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા યોજવામાં આવેલ વિવિધ કાર્યક્રમો.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા સમગ્ર ભાવનગર જિલ્લાની ઉચ્ચ પ્રાથમિક તેમજ માધ્યમિક શાળાઓમાં વિધાર્થીઓ વિજ્ઞાન વિષય પરત્વે વધુને વધુ રસ દાખવે તેમજ વિજ્ઞાન વિષયને સરળતાથી સમજી શકે તેવા હેતુથી વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમો કરવામાં આવે છે.

જેના અનુસંધાને તા.૫ અને ૬ નવેમ્બર દરમીયાન મોડેલ સ્કુલ, માનવડ, તા.પાલીતાણા ખાતે યોજાયેલ જીલ્લા કક્ષાના ગણિત વિજ્ઞાન પ્રદર્શનમાં કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિવિધ કાર્યક્રમો યોજાવામાં આવેલ.

જેમા મોડેલ પ્રદર્શન કાર્યક્રમ થકી વિજ્ઞાનનાં વિવિધ નિયમો જેવા કે ઉચ્ચાલન, ગુરૂત્વાકર્ષણ બળ, કેન્દ્રત્યાગી બળ, વેગ અને પ્રવેગ, ચૂંબકના ધૃવો વચ્ચે આકર્ષણ અપાકર્ષણ વગેરે નિયમો મોડેલ દ્વારા સમજાવવામાં આવેલ. કાર્યક્રમ ના મુખ્ય અતિથિ જીલ્લા પ્રાથમીક શિક્ષણાધિકારી શ્રી વી. ડી. વરુ સાહેબે મોડેલ પ્રદર્શન વિભાગની મુલાકાત લીધેલ.

તા.૫ નવેમ્બરે વિધાર્થીઓ તેમજ ગ્રામજનો માટે સવારે ૫ કલાકે ચંદ્ર દર્શનનો કાર્યક્રમ રાખવામાં આવેલ. જેમા ચંદ્ર સાથે જોડાયેલી લોકવાયકાઓ તેમજ ખોટી માન્યતાઓ પર પ્રકાશ પાડીને તેની સાથે જોડાયેલા વૈજ્ઞાનિક તથ્યોની સમજૂતી આપવામા આવેલ.

ઉપરોકત દિવસો દરમ્યાન જીલ્લા કક્ષાનાં ગણિત વિજ્ઞાન પ્રદર્શન નિહાળવા માટે આવનારા પાલીતાણા તાલુકાની વિવિધ શાળાઓ ના વિધાર્થીઓ માટે વૈજ્ઞાનીક ફિલ્મ શો નું આયોજન કરવામાં આવેલ. વિવિધ વૈજ્ઞાનિક કાર્યક્રમોનો લાભ કુલ મળીને ૩૦૦૦ થી વધારે લોકોએ લીધેલ.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.